- દૂધની ગુણવત્તાને વધુ મહત્વ આપતા સુરસાગર ડેરીના ચેરમેનશ્રી બાબાભાઈ ભરવાડ.
- દૂધની ગુણવત્તા અંગે કોઈની પણ શેહ શરમ રાખ્યા વગર કાર્યવાહી કરવામાં આવશે.
- સુરસાગર ડેરીના ચેરમેન તરીકેનો કાર્યભાર સંભાળ્યા બાદ શ્રી બાબાભાઈ ભરવાડે દૂધની ગુણવત્તાને ખુબજ મહત્વ આપેલ છે. ૬ ટીમો દ્વારા દરરોજ બલ્ક મિલ્ક કૂલર અને દૂધ મંડળીઓ ઉપર ખરીદવામાં આવતા દૂધની ગુણવત્તાની ચકાસણીની કામગીર હાથ ધરવામાં આવેલ છે.

## તા. ૧-૦૨-૨૦૧૮ના રોજ મળેલ નિયામક મંડળની બેઠકમાં દૂધની ગુણવત્તા માટેના નિયમો વધુ કડક બનાવવામાં આવેલ છે.

(૧) પ્રથમ વખત હલકી ગુણવત્તાનું દૂધ મોકલનાર દૂધ મંડળી પાસેથી કેન દીઠ રૂા. ૧૦,૦૦૦/- મુજબ શિક્ષાત્મક રીકવરી વસુલ કરવામાં આવશે.

(૨) બીજી વખત હલકી ગુણવત્તાનું દૂધ મોકલનાર દૂધ મંડળી પાસેથી કેન દીઠ રૂા. ૧૫,૦૦૦/- મુજબ શિક્ષાત્મક રીક્વરી વસુલ કરી મંડળીનું દૂધ સ્વીકારવાનું બંધ કરવામાં આવશે. આખી વ્યવસ્થાપક કમિટિ (બધાજ વ્ય.કમિટિના સભ્યો સાથે) અત્રે રૂબરૂ આવી. રૂા. ૧૦૦/- ના (નોન-જ્યુડીશીયલ) સ્ટેમ્પ પેપર ઉપર લેખિત બાંહેધરી આપ્યા બાદ જ દૂધ મંડળીનું દૂધ સ્વીકારવા અંગે વિચારવામાં આવશે.

(૩) લેખિત બાંહેધરી આપ્યા બાદ ત્રીજી વખત હલકી ગુણવત્તાનું દૂધ મોકલનાર દૂધ મંડળી પાસેથી કેન દીઠ રૂા. ૨૦,૦૦૦/- મુજબ શિક્ષાત્મક રીકવરી વસુલ કરી દૂધ સ્વીકારવાનું બંધ કરવામાં આવશે. દૂધ મંડળીનું દૂધ સ્વીકારવું કે નહિ તેની સતા દૂધ સંઘના ચેરમેનશ્રી/એમ.ડીશ્રીને અબાધીત રહેશે.

ઉપર મુજબની કાર્યવાહી કરવા છતાં જે દૂધ મંડળી દ્વારા અવાર-નવાર હલકી ગુણવત્તાનું દૂધ મોકલવામાં આવશે તો દૂધ સંઘના પેટા નિયમની કલમ ૮.૭ મુજબ તે દૂધ મંડળીનું સભાસદપણુ રદ કરી શકાશે.

જિલ્લાની તમામ દૂધ મંડળીઓને દૂધ મંડળીના કાર્યક્ષેત્ર બહારનું, મોટા જથ્થામાં અને ખાનગી વેપારી દ્વારા આવતુ દૂધ ન સ્વીકારવા તેમજ દૂધની ગુણવત્તાની પુરેપુરી ચકાસણી કરીને ફકત સારી ગુણવત્તાનું જ દૂધ સ્વીકારી મોકલવા સુચના આપવામાં આવેલ છે.

ચેરમેનશ્રી બાબાભાઇ ભરવાડે જણાવ્યું કે નાના બાળકો, સગર્ભા અને ધાત્રી માતાઓને દૂધ થકી પુરતુ પોષણ મળતુ હોય છે. તેથી દૂધની ગુણવત્તામાં થતા ચેડા બિલકુલ ચલાવી લેવામાં આવશે નહી. દૂધની ગુણવત્તા સાથે ચેડા કરનાર સામે કોઈપણ જાતની શેહ શરમ રાખ્યા વગર કાર્યવાહી કરવામાં આવશે.


:: પ્રકાશન ::
સહકાર વિકાસ વિભાગ
સુરેન્દ્રનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.
સુરસાગર ડેરી - વઢવાણ


૨૪૯, જી.આઈ.ડી.સી., ફેઈઝ-૨, આંબાવાડી, વઢવાણ-૩૬૩ ૦૩૫.
જી. સુરેન્દ્રનગર(ગુજરાત) ફોન : (૦૨૭૫૨) ૨૪૩૬૮૩ ફેકસ : ૨૪૩૭૬૫
E-mail : sursagardairy@sursagardairy.coop
Website : www.sursagardairy.com


પ્રતિશ્રી,
પ્રમુખશ્રી / મંત્રીશ્રી,
શ્રી .................................... દૂ. ઉ. સહ. મંડળી લી.
મુ. ............................ તા. ...........................
બી.એમ.સી. .................. ચી.સેન્ટર ....................

# સુરસાગર પત્રિકા


સુરસાગર ડેરી
ઝાલાવાડની જીવાદોરી
(ત્રિમાસીક)
સંઘ સાથે સંકળાયેલ દૂધ મંડળીઓ તથા તેના ઉત્પાદકો માટે જ (પ્રાઈવેટ સરકયુલેશન)
વર્ષ : ૨૦૧૭ - ૨૦૧૮
અંક : ૪
◆ મુખ્ય સલાહકાર ◆
ગુરદિત સિંગ
મેનેજીંગ ડિરેકટરશ્રી
◆ સંપાદક મંડળ ◆
એન. કે. પટેલ
બી. ડી. પંચાલ
ડો. નિશાન્ત શંખધાર


## સુરસાગર ડેરીના ચેરમેન તરીકેનો ત્રીજીવાર કાર્યભાર સંભાળતા બાબાભાઈ ભરવાડ





**દૂધના પોષણક્ષમ ભાવ, સસ્તુ અને પૌષ્ટિક દાણ, પશુ સારવાર અને પશુ ઓલાદ સુધારણાને પ્રાધાન્ય આપીશું.**

**બાબાભાઈ ભરવાડ**

સુરેન્દ્રનગર જિલ્લાની ૭૮૪ દૂધ મંડળીઓ દ્વારા દૈનિક અંદાજે ૭.૨૫ લાખ કિલો દૂધ સંપાદન કરતી સુરસાગર ડેરી જિલ્લાની ટોચની સહકારી સંસ્થા છે. જે સૌરાષ્ટ્ર-કચ્છ ક્ષેત્રે મોખરાનું સ્થાન ધરાવે છે. જિલ્લાના ૧.૩૨ લાખ માલધારી પશુપાલકો તથા ખેડૂતોને રોજીરોટી આપતી સુરસાગર ડેરીની તાજેતરમાં ચેરમેન અને વાઈસ ચેરમેનની ચુંટણી યોજાઈ હતી. જેમાં ચેરમેન તરીકે બાબાભાઈ ભરવાડ અને વાઈસ ચેરમેન તરીકે સુરાભાઈ રબારીની બીન હરિફ વરણી થઈ હતી.

વર્ષ ૨૦૦૮-૨૦૦૯ થી ૨૦૧૪-૨૦૧૫ દરમ્યાન બે ટર્મ સુધી ચેરમેન તરીકે શ્રી બાબાભાઈ ભરવાડે જવાબદારી વહન કરી હતી. તેમના કાર્યકાળ દરમ્યાન ૬૨૦ દૂધ મંડળીઓ દ્વારા દૈનિક સરેરાશ ૨.૫૫ લાખ કિલો દૂધ સંપાદન થતુ હતુ. વાર્ષિક ટર્ન ઓવર રૂા. ૧૮૬ કરોડ હતુ. બીજી ટર્મના અંતે ૭૨૪ દૂધ મંડળીઓ દ્વારા દૈનિક સરેરાશ ૫.૦૨ લાખ કિલો દૂધનું સંપાદન થયુ હતુ અને વાર્ષિક ટર્ન ઓવર રૂા. ૭૦૨ કરોડે પહોંચ્યુ હતુ જે તેમની વહીવટી કુશળતાને કારણે શકય બનેલ છે.

ચેરમેનશ્રીના તાજ પોષીના કાર્યક્રમ પ્રસંગે ધારાસભ્યશ્રી ધનજીભાઈ પટેલ,પૂર્વ ધારાસભ્યશ્રી કિરીટસિંહ રાણા, સુરેન્દ્રનગર ડીસ્ટ્રીકટ બેંકના ચેરમેન શ્રી હરદેવસિંહ પરમાર, જિલ્લાના આગેવાનો, પશુપાલકો દૂધ મંડળીઓના હોદ્દેદારો સહિતના અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

## શ્વેત ક્રાંતીના જનક ડૉ. વર્ગીસ કુરિયન - નેશનલ મિલ્ક ડે






ડૉ. વર્ગીસ કુરિયન ભારતની શ્વેતકાંતિના પ્રણેતા છે. આ કાંતિના કારણે ભારતને વિશ્વમાં દૂધના સૌથી વધુ ઉત્પાદક દેશ તરીકેનું સ્થાન મળ્યું છે. તેમનું વ્યાવસાયિક જીવન સહકારી મંડળીઓ દ્વારા ભારતના ખેડૂતોની શશકિતકરણની પ્રવૃતિને સમર્પિત રહ્યું છે. તા. ૨૬ મી નવેમ્બર એટલે શ્વેતકાંતિના પ્રણેતા એવા ડૉ. વર્ગીસ કુરિયન સાહેબનો જન્મ દિવસ છે. તેની ઉજવણી સમગ્ર દેશ સાથે આપણે પણ ''નેશનલ મિલ્ક ડે'' તરીકે કરીએ છીએ. દર વર્ષની જેમ આ વર્ષે પણ આપણા દ્વારા ઉજવવામાં આવ્યો હતો. શાળાના વિદ્યાર્થીઓએ સુરસાગર ડેરી પ્લાન્ટની મુલાકાત લીધી હતી તેમને ફલેવર મિલ્ક અને ચોકલેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ રીતે અમૂલના ઘડવૈયાની જન્મ જયંતી ઉલ્લાસ પૂર્વક ઉજવવામાં આવી હતી.

## સુરસાગર ડેરી પરિવાર દ્વારા ૬૯માં ગણતંત્ર દિવસની ભવ્ય ઉજવણી




સુરસાગર ડેરી કંમ્પાઉન્ડમાં ત્રીરંગો લહેરાવી દૂધ સંઘના ચેરમેનશ્રી બાબાભાઈ ભરવાડે ૬૯ માં ગણતંત્ર દિવસની ઉજવણી કરી હતી. તેઓએ પ્રસંગોપાત ઉદ્દ્બોધનમાં જણાવ્યું કે આઝાદીના લડવૈયા મહાત્મા ગાંધી, સરદાર પટેલ અને નામી અનામી રાષ્ટ્રના ઘડવૈયાઓએ આપણને આઝાદ ભારત આપ્યું છે તેઓના સપનાના ભારતે આજે દુનિયામાં આગવી ઓળખ ઉભી કરી છે. ગુજરાતના સપૂત ભારતના વડા પ્રધાન માન. નરેન્દ્રભાઈ મોદી હાલ આઝાદ ભારતના મૂલ્યોનું જતન કરી દેશની વિશ્વ સ્તરે અલગ ઓળખ ઉભી કરી રહયા છે. જિલ્લાના ૧.૩૨ લાખ પશુપાલકોનો આર્થિક અને સામાજિક વિકાસ એ આપણો ઘ્યેય છે. તે માટે દરેકને કટીબદ્ઘ થઈ કામગીરી કરવા શીખ આપી હતી.

## ખરવા - મોવાસા

**પશુપાલકને આર્થિક નુકશાન આપતો પશુ રોગ.**

ઘણો ઝડપથી ફેલાતો, અતિ સુક્ષ્મ વિષાણુથી થતો ચેપી રોગ છે. આ રોગ બે ખરીવાળા વાગોળતા જાનવરો જેવાકે ગાય, ભેંસ, ઘેટા, બકરા વગેરેમાં થાય છે. આ રોગમાં જાનવર ઘણુ ખરૂ મરતુ નથી. પરંતુ તેની કાર્યશકિત તેમજ ઉત્પાદનમાં અસર થવાથી પશુપાલકને ઘણુંજ આર્થિક નુકશાન થાય છે.

### લક્ષણો :-

- પશુને ૧૦૪ ફે. થી ૧૦૬ ફે. સુધી તાવ આવે છે.
- મોં માં અથવા ખરીઓની વચ્ચે અથવા બન્ને જગ્યાએ ફોલ્લાઓ થાય છે.
- એકાદ બે દિવસ પછી ફોલ્લાઓ ફુટી જવાથી ચાંદીઓ પડી જાય છે. અને મોં માં ચાંદીઓ હોવાથી લાળ ટપકે છે.
- પશુ ખાઈ શકતુ નથી, વાગોળતુ નથી, વારંવાર પાણી પીએ છે.
- જાનવર જીભ વારંવાર હલાવ્યા કરે છે તથા દાંત ઘસે છે. આ ચાંદીઓ જીભ ઉપર હોઠની અંદરની બાજુ તથા જડબાઓ ઉપર હોય છે.
- ખરીઓમાં ચાંદીઓ પડવાથી પશુને ચાલવામાં તકલીફ પડે છે વારંવાર પગ પછાડે છે.

### ખરવા-મોવાસાથી થતુ નુકશાન :-

- દૂધ ઉત્પાદન કાયમી ધોરણે ઘટી જાય છે.
- પશુને વેતરમાં આવવા તથા ગાભણ થવા બાબતે તકલીફ થાય છે.
- પશુ સામાન્ય ગરમીમાં હાફે છે. મોં માંથી પાણી પડે છે.
- પશુના શરીર પરના વાળ વધી જાય છે.

### પ્રાથમિક સારવાર :-

- પશુની ખરીઓને ફટકડી અથવા પી.પી ના (૧:૧૦૦૦) પાણી થી સાફ કરવી.
- પગમાં જીવડા પડયા હોયતો ટર્પેન્ટાઈન તેલનો ઉપયોગ કરવો.
- મોં મા હળદર અને માખણનું મિશ્રણ બનાવી લગાડવું.
- રોગગ્રસ્ત પશુઓને અન્ય પશુઓથી દૂર રાખવા તથા પશુ ચિકિત્સકની સલાહ મુજબ વર્તવુ.

### નિયંત્રણ માટેના ઉપાય :-

ખરવા - મોવાસા રોગના નિયંત્રણ માટે સુરસાગર ડેરી તથા સરકારી પશુ દવાખાના દ્વારા વર્ષમાં બે વખત રસીકરણ કરવામાં આવે છે. તેનો લાભ લઈ આપણા મહામૂલા અબોલ પશુઓને આ રોગની પીડામાંથી સદંતર મુકત કરીએ.

## દૂધ મંડળીઓના સભાસદો માટેની મરણોત્તર સહાયના ચેકોનુ વિતરણ કરતા દૂધ સંઘના ચેરમેનશ્રી બાબાભાઈ ભરવાડ



જિલ્લાની દૂધ મંડળીઓમાં દૂધ ભરતા મંડળીના સભાસદનું મૃત્યુ થાય ત્યારે તેનો પરિવાર આર્થિક મુશ્કેલી ભોગવતો હોય છે. આવા સમયે તાત્કાલીક આર્થિક સહાય મળે તેવા હેતુ નીચે દૂધ સંઘની દૂધ મંડળીઓના સભાસદો માટેની મરણોત્તર સહાય યોજના અમલમા છે જે યોજના અંતર્ગત મૃત્યુ પામનાર પાંચ સભાસદોના વારસદારોને મરણોત્તર સહાયના ચેકોનું વિતરણ દૂધ સંઘના ચેરમેનશ્રી બાબાભાઈ ભરવાડે કર્યુ હતુ.

| અ. નં. | દૂધ મંડળીનું નામ | તાલુકો | મૃત્યુ પામનાર સભાસદનું નામ | મરણોત્તર સહાય રકમ રૂા. |
|---|---|---|---|---|
| ૧ | બજાણા | દસાડા | સ્વ. છગનભાઈ કાળુભાઈ ગોલતર | ૪૦,૦૦૦/- |
| ૨ | દેવપરા | લીંબડી | સ્વ. ડાંગર મેરાભાઈ પોપટભાઈ | ૪૦,૦૦૦/- |
| ૩ | ગવાણા | દસાડા | સ્વ. આલ વાલાભાઈ લખમણભાઈ | ૩૫,૦૦૦/- |
| ૪ | વડલા | લખતર | સ્વ. વડાલીયા કરશનભાઈ ભવાનભાઈ | ૩૫,૦૦૦/- |
| ૫ | નોલી | સાયલા | સ્વ. રબારી મેરાભાઈ વસ્તાભાઈ | ૩૫,૦૦૦/- |

## સુરસાગર ડેરી પરિવારના સભ્યશ્રી ભરતભાઈ જે. મારૂનો વિદાય સમારંભ યોજાયો.



શ્રી ભરતભાઈ જે. મારૂ સને ૧૯૮૧ થી સુરસાગર ડેરીમાં ફરજ બજાવતા હતા. તેઓ તા. ૩૧-૦૧-૨૦૧૮ ના રોજ વય મર્યાદાને કારણે નિવૃત થતા દૂધ સંઘના મેનેજીંગ ડીરેકટરશ્રી ગુરદિતસિંઘના અધ્યક્ષ સ્થાને વિદાય સમારંભ યોજાયેલ જેમાં મેનેજરશ્રી કમુભા મલીક, શ્રી અજયભાઈ સભાડ તથા સુરસાગર ડેરી પરિવારના સભ્યોએ બહોળી સંખ્યામાં હાજર રહી ભાવભીની વિદાય આપી હતી.